પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૧૪૯ | ૮ ઓગસ્ટ, ૨૦૧૭, મંગળવાર ; શ્રાવણ વદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# આજે રાજ્યસભાની ચૂંટણીનો ખરાખરીનો જંગ

**અમારી પાસે ત્રીજા ઉમેદવારના વિજય માટે જરૂરી મત કરતાં ૩ મત વધુ છે : ભૂપેન્દ્ર યાદવ : કોંગ્રેસ કહે છે અમારો વિજય નિશ્ચિત છે**

ગાંધીનગર, તા. ૭

રાજ્યસભાની ખાલી પડતી ત્રણ બેઠકો માટે આજે યોજાનાર ચૂંટણી માટેના જંગને લઈ ગણતરીદારોનો ગણતરીનો જંગ રોચક બની ગયો છે. ભાજપના ગુજરાતના પ્રભારી ભૂપેન્દ્ર યાદવે તેમના ત્રીજા ઉમેદવારના વિજય માટે જરૂરીયાત કરતાં પણ ત્રણ મત વધુ હોવાનો દાવો કર્યો છે. તો કોંગ્રેસ પક્ષે પણ તેના ઉમેદવારનો વિજય નિશ્ચિત હોવાનો દાવો કર્યો છે.

મતદાનને શરૂ થવાની આડે હવે ગણતરીના કલાકો રહ્યા છે ત્યારે કેટલાક અંક નિષ્ણાંતો એવુ ગણિત માંડી રહ્યા છે કે કોંગ્રેસમાંથ મોટી સંખ્યામાં ક્રોસ વોટીંગ થશે. આ સંખ્યા ૩ થ ૧૦ સુધીની બતાવવામાં આવી રહી છે જ્યારે કોંગ્રેસ તના તમામ સભ્યો એક હોવાનો દાવો કરી એવુ જણાવી રહી છે કે એનસીપીના ૨ અને જેડીયુના ૧ સભ્યનો મત તેમને મળશે અને તેમના ઉમેદવારનો વિજય થશે.

બેંગ્લોરૂથી કોંગ્રેસના ધારાસભ્યોને મોડી રાત્રે ગુજરાત લાવી દેવાયા છે અને તે બધાને આણંદ નજીકના એક રિસોર્ટમાં રાખવામાં આવ્યા છે. જ્યાં તેમના પરિવારજનો સાથે આ સભ્યોએ રક્ષાબંધન પર્વ મનાવ્યુ હતુ.

ભાજપના સભ્યોની બેઠક પણ કમલમ્ ખાતે મળી હતી. જેમાં ત્રણેય ઉમેદવારો ઉપરાંત પ્રદેશ અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ બેઠકમાં મતદાન અંગે સભ્યોને ખાસ પ્રેઝન્ટેશન પણ બતાવવામાં આવ્યુ હતુ જેમાં ૧ નું મહત્વ અને ૨જી પસંદગી તથા ૩જી પસંદગીનું શું મહત્વ છે તેની સીધી સમજ આપવામાં આવી હતી.

દરમ્યાન શંકરસિંહ વાઘેલાએ જણાવ્યુ છે કે અહમદ પટેલ મારા મિત્ર છે. પણ મત કોને આપશે તે અંગે મગનું નામ મરી પાડતા નથી.









● અનુસંધાન પાન-૭ પર

## રાજ્યસભાની ચૂંટણીમાં કોંગ્રેસ માટે કપરા ચઢાણ !

**એનસીપીએ ભાજપના ત્રીજા ઉમેદવારનું સમર્થન કરવાનો નિર્ણય કરતાં મતનું ગણિત બદલાયું**



ગાંધીનગર, તા. ૭

રાજ્યસભાની આજે યોજાનાર ચૂંટણીમાં કોંગ્રેસ માટે કપરા ચઢાણ દેખાઈ રહ્યા છે. આજે સાંજે એનસીપીના સભ્ય કાંધલ જાડેજાએ બળવંતસિંહ રાજપૂતની તરફેણમાં મતદાન કરવાનો પક્ષે નિર્ણય લીધો હોવાની જાહેરાત કરી હતી. તો મોડી સાંજે જેડીયુના છોટુ વસાવા પણ અવઢવમાં હોવાના સંકેતો મળી રહ્યા છે. આ ઉપરાંત કોંગ્રેસમાં પણ ૩ થી ૧૦ જેટલા સભ્યો ક્રોસ વોટીંગ કરશે તેમ મનાઈ રહ્યુ છે. બીજી તરફ ભાજપના ભૂપેન્દ્ર યાદવે આજે એવો દાવો કર્યો છે કે તેમની પાસે ત્રીજા ઉમેદવારને વિજય માટે જરૂરી મત કરતાં વધુ મતો છે. રાજ્યસભાની આ ચૂંટણી પછી ગુજરાતમાં નવા રાજકીય ધ્રૂવીકરણ અને સમીકરણોનો આરંભ થશે. આ નવા ગઠબંધનો કેવા રહેશે તે તો સમય જ બતાવશે. બીજી તરફ કોંગ્રેસના ભાગલા થશે અને એક ડઝનથી પણ વધુ સભ્યો ભાજપમાં વિધિવત્ પ્રવેશ કરશે જેથી રાજ્યમાં ભાજપ વધુ મજબુત બનશે. દરમ્યાન અહમદ પટેલે મોડી સાંજે એક નિવેદનમાં જણાવ્યુ છે કે આ જંગ લોકશાહી મૂલ્યો માટેનો છે. મને કેમ ટારગેટ કરાયો છે તે સમજાતુ નથી.

## ન્યુઝ ટ્રેક

### સેનાની ૩૯ ગૌશાળાઓ બંધ કરાશે

કેન્દ્ર સરકારે સેનાની ૩૯ ગૌશાળાઓ બંધ કરવાનો ચોંકાવનારો નિર્ણય કર્યો છે. આ ગૌશાળાઓ બંધ કરાતા તેમાં રહેલી ૨૦ હજાર જેટલી ગાયો અને ૨૫૦૦ જેટલા કર્મચારીઓના ભવિષ્ય વિશે પણ ચિંતા કરાઈ રહી છે.

### એસયુવી કાર હવે મોંઘી થશે

નાણામંત્રી અરૂણ જેટલીએ જીએસટી કાઉન્સિલ તરફથી કેન્દ્રએ એસયુવી તથા લકઝરી અને મોટી કાર પર વેરાનો દર વધારીને ૧૫ ટકાથી વધારી ૨૫ ટકા કરવાનું નક્કી કર્યું છે. આ નિર્ણયથી એસયુવી કાર મોંઘી થશે.

### ભીમના ઉપયોગ પર વધુ કેશબેક મળે તેવી શક્યતા

૧૫મી ઓગસ્ટથી ભીમના ઉપયોગ ઉપર વધારે કેશબેક મળવાની શક્યતા દેખાઈ રહી છે. કોઈપણ ડીજીટલ ટ્રાન્ઝેક્શન કરવાની સ્થિતિમાં સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલા ભીમથી વધુ રાહત મળી શકે છે. ટ્રાન્ઝેક્શન માટે સરકાર દ્વારા શરૂ કરાયેલા ભીમ એપનો ઉપયોગ કરવામાં આવે છે તો સ્વતંત્રતા દિવસના પ્રસંગે વધુ કેશબેક મળી શકે છે. નેશનલ પેમેન્ટ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા દ્વારા શરૂ કરવામાં આવેલા ભીમ એપ યુનિફાઈડ પેમેન્ટ ઈન્ટરફેસ છે.

# અમરનાથ યાત્રા પરનો હુમલાખોર ત્રાસવાદી ઠાર

**અન્ય બે ત્રાસવાદીઓ ફરાર થઇ જવામાં સફળ રહ્યા : કાશ્મીરના અબુ ઇસ્માઇલ ગ્રુપના ભાગરુપે રહેલા ત્રાસવાદી ઉંમરને ઠાર કરાયો : ઠાર થયેલા ત્રાસવાદીની પાસેથી એકે ૪૭ સહિતના હથિયારો જપ્ત**

શ્રીનગર,તા. ૭

જમ્મુ કાશ્મીરના પુલવામાંના સમ્બુરામાં સુરક્ષા દળોની સાથે ભીષણ અથડામણમાં લશ્કરે તોયબાનો વધુ એક ત્રાસવાદી આજે ઠાર થયો હતો. તેની પાસેથી પણ મોટી માત્રામાં વિસ્ફોટકો મળી આવ્યા હતા. ઠાર થયેલો ત્રાસવાદી અમરનાથ યાત્રીઓ ઉપર કરવામાં આવેલા હુમલામાં સામેલ હતો. અલબત્ત આજે બે ત્રાસવાદીઓ ફરાર થઈ જવામાં સફળ રહ્યા હતા. ઉંમર તરીકે ઓળખાયેલો આ આતંકવાદી ૧૦મી જુલાઈના દિવસે કરાયેલા હુમલામાં સામેલ હતો. જમ્મુ કાશ્મીર ડીજીપી એસપી વૈદ્યએ માહિતી આપતા કહ્યું હતું કે, પુલવામામાં સત્તાવાળાઓએ ઈન્ટરનેટ સેવા બંધ કરી છે. કાયદો અને વ્યવસ્થા જાળવવાનો મુખ્ય

હેતુ રહેલો છે. સમ્બુરામાં કેટલાક ત્રાસવાદીઓ છુપાયેલા છે તેવી બાતમી મળ્યા બાદ સમગ્ર ઓપરેશન હાથ ધરવામાં આવ્યુ હતુ. જાણકારી મળ્યા બાદ મોડી રાત્રે ૫૦ રાષ્ટ્રીય રાઈફલ્સ અને સ્પેશિયલ ઓપરેશન ગ્રુપના જવાનોએ ઘટના સ્થળ પર પહોંચીને ઓપરેશન હાથ ધર્યુ હતુ. એ વેળા છુપાયેલા ત્રાસવાદીઓએ ગોળીબાર કર્યો હતો. જવાબી કાર્યવાહી કરવામાં આવતા એક ત્રાસવાદીઓ ઠાર થયો હતો. માર્યા ગયેલા ત્રાસવાદીની ઓળખ અબુ ઈસ્માઈલ ગ્રુપના ઉમર તરીકે થઈ છે. બીજો ત્રાસવાદી લશ્કરનો કમાન્ડર અયુબ લલહારી છે. છેલ્લા ચાર દિવસમાં આઠ ત્રાસવાદીઓને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા

● અનુસંધાન પાન-૭ પર

# શ્રીસંત પર આજીવન પ્રતિબંધ હટાવવાનો હાઈકોર્ટનો આદેશ

**બીસીસીઆઈને કેરળ હાઈકોર્ટે આદેશ કર્યો : સ્પોટ ફિક્સિંગ આરોપોના આધારે શ્રીસંત ઉપર પ્રતિબંધ લદાયો હતો : ૨૦૧૩માં સ્પોટ ફિક્સિંગ મામલો ખુલ્યો**



કોચી, તા. ૭

કેરળ હાઈકોર્ટે સ્પોટ ફિક્સિંગ આરોપોના આધાર પર શ્રીસંત ઉપર લાદવામાં આવેલા આજીવન પ્રતિબંધને ઉઠાવી લેવા ભારતીય ક્રિકેટ કન્ટ્રોલ બોર્ડને આજે આદેશ આપ્યો હતો. ક્રિકેટર શ્રીસંત દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી ઉપર વિચારણા કરવામાં આવ્યા બાદ આ આદેશ કોર્ટ દ્વારા જારી કરવામાં આવ્યો હતો. ૨૦૧૫માં તેને દિલ્હી કોર્ટે રાહત આપી દીધા બાદ પણ પ્રતિબંધ નહીં ઉઠાવવાના બીસીસીઆઈના નિર્ણયને પડકાર ફેંકીને માર્ચ મહિનામાં ક્રિકેટર દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી ઉપર વિચારણા કરવામાં આવ્યા બાદ કેરળ હાઈકોર્ટે આ મુજબનો આદેશ આજે જારી કર્યો હતો. ઈન્ડિયન પ્રિમિયર લીગની વર્ષ ૨૦૧૩ની એડિશનમાં સ્પોટ ફિક્સિંગના આક્ષેપોના આધાર પર બીસીસીઆઈ દ્વારા તેના પર આજીવન પ્રતિબંધ મુકી દેવામાં આવ્યો હતો. પ્રતિબંધને પડકાર ફેંકીને શ્રીસંતે હાઈકોર્ટમાં રજૂઆત કરી હતી કે, પ્રતિબંધ નહીં ઉઠાવવાનો મામલો તેના બંધારણીય અધિકારોના ભંગ સમાન છે. દિલ્હી પોલીસ દ્વારા પુરી પાડવામાં આવેલી માહિતીના આધાર પર બીસીસીઆઈએ તેના ઉપર પ્રતિબંધ લાદ્યો હતો. કોર્ટ દ્વારા આના પર વિચારણા કરવામાં આવ્યા પછી આજે હાઈકોર્ટે પ્રતિબંધ ઉઠાવ્યો હતો.

# ઉત્તર પ્રદેશમાં મકોકા જેવો કાયદો લાવવાની વિચારણા

**અપરાધો ઉપર અંકુશ મુકવા માટેની તૈયારી : રાજનેતાઓ અને અન્ડરવર્લ્ડ વચ્ચે સાંઠગાંઠનો પર્દાફાશ થશે : મુખ્યપ્રધાન આદિત્યનાથ અંતિમ તૈયારીમાં વ્યસ્ત**

લખનૌ, તા. ૭

યોગી આદિત્યનાથની સરકાર પ્રદેશમાં અપરાધ પર અંકુશ મુકવા માટે મહારાષ્ટ્રના મકોકાની જેમ જ ઉત્તરપ્રદેશ કન્ટ્રોલ ઓફ ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમ એક્ટ એટલે યુપીકોકા ઉપર વિચારણા કરી રહી છે. એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે, પ્રદેશમાં સંગઠિત અપરાધ પર અંકુશ મુકવા માટે મુખ્યમંત્રી દ્વારા પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આના પરિણામ સ્વરુપે સારા પરિણામ મળે તેવી શક્યતા છે. અધિકારીએ કહ્યું છે કે, યોગી આદિત્યનાથ પહેલા માયાવતી પણ આ પ્રકારના પ્રયાસો કરી ચુક્યા છે પરંતુ સફળતા મળી ન હતી. રાજ્ય સરકાર આની સાથે જોડાયેલા બિલ બંને ગૃહમાં રજૂ કરી શકે છે. બંને ગૃહોમાં બિલ પાસ થયા બાદ તેને રાષ્ટ્રપતિ પાસે મોકલવામાં આવશે. કુખ્યાત અપરાધીઓ માટે જાણિતા ગોરખપુરથી પરત ફર્યા બાદ મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે કહ્યું હતું કે, અન્ડરવર્લ્ડ અને રાજનેતાઓ વચ્ચે રહેલી સાંઠગાંઠનો પર્દાફાશ કરવા માટે યુપીકોકા જેવા કાયદા ખુબ જ અસરકારક સાબિત થઈ શકે છે. આને લઈને ગુંડા તત્વોનો અંત લાવવામાં આવશે.

વર્ષ ૨૦૦૭માં અપરાધીઓ ઉપર અંકુશ મુકવા માટે પ્રથમ વખત માયાવતીએ યુપીકોકાની શરૂઆત કરી હતી. એ વખતે કેન્દ્રમાં યુપીએની સરકાર હતી પરંતુ યુપીએ દ્વારા તેને મંજુરી આપવામાં આવી ન હતી. આગામી દિવસોમાં યોગી સરકાર આ દિશામાં સક્રિયરીતે આગળ વધીને યુપીકોકાને આખરી ઓપ આપે તેવી શક્યતા છે.











